આંતરજ્ઞાતિય લગ્ન કરનાર યુગલોને પ્રોત્સાહન આપવા બાબત. "ડૉ સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના" અમલમાં મુકવા બાબત.

ગુજરાત સરકાર

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,

ઠરાવ ક્રમાંક:એમ.બી.સી/૧૧૯૭/ન.બા.૮/ગ(પા.ફા)

સચિવાલય, ગાંધીનગર.

તા.૨૭/૧૨/૨૦૨૧

વંચાણે લીધા:

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧/૪/૨૦૦૦નો ઠરાવ ક્રમાંક: એમ.બી.સી/૧૧૯૭/ન.બા.૮/ગ

(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૫/03/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક: અજાક/૧૦૨૦૧૭/૬૪૭૫૭૦/ન.બા-૧૩/ગ

(3) સામાન્ય વહિવટ વિભાગનો તા.૦૭/૧૦/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક: આરસીપીએસ/૧૦૨૦૨૧/૩૬૯/વસુતાપ્ર-૪

(૪) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૮/૧૧/૨૦૨૧નો પત્ર ક્રમાંક: પરચ/૧૧૨૦૨૧/૫૧૬૯૩૧/ચ

આમુખ:

વંચાણે લીધેલ ક્રમાંક: (૧) અને (૨) પરના આ વિભાગના ઠરાવોથી અસ્પૃશ્યતા દુર કરવાના ભાગરૂપે અનુસૂચિત જાતિની વ્યક્તિ હિંદુ ધર્મના અનુસૂચિત જાતિ સિવાયની અન્ય વ્યક્તિ સાથે લગ્ન કરે તો યુગલને રૂ.૧,૦૦,૦૦૦/-ની સહાય આપવાની યોજના અમલમાં છે.

વંચાણે લીધેલ ક્રમાંક: (3) પરના સામાન્ય વહિવટ વિભાગના તા.૦૭-૧૦-૨૦૨૧ના ઠરાવથી ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો અધિકાર) અધિનિયમ-૨૦૧૩ હેઠળ જાહેર કરેલ સેવાઓ માટે બિઝનેશ પ્રોસેસ રી-એન્જીનીયરીંગની કાર્યવાહી માટે ટાસ્ક સમિતીની રચના કરવાનું ઠરાવવામાં આવેલ છે. જે પરત્વે વંચાણે લીધેલ ક્રમાંક: (૪) પરના પત્ર સાથે સામેલ આ વિભાગ અંતર્ગત રચવામાં આવેલ ટાસ્ક સમિતિની નોંધથી આ યોજનાના વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના ઠરાવની શરત નં : ૩.૫ દુર કરવા તથા "લગ્ન નોંધણીનું પ્રમાણપત્ર મેળવતા સમયે રજૂ કરવામાં આવતું ફોર્મ રજૂ કરવાનું રહેશે" એ શરત ઉમેરવા સૂચન કરવામાં આવેલ છે. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે, ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજનાના વંચાણે લીધેલ ક્રમાંક : (૧) પરના આ વિભાગના તા.૧/૪/૨૦૦૦ના ઠરાવની શરતોમાં નીચે મુજબનો સુધારો / ઉમેરો કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) શરત નં: (૪) "અનુ.જાતિ સિવાયની બીજી વ્યક્તિ પરપ્રાંતની હોય તો તેણે જે તે પ્રાંત કે રાજ્યમાં તે અસ્પૃશ્ય ગણાતી નથી અને હિંદુ ધર્મ પાળે છે તે બાબતનું પ્રમાણપત્ર આપવાનું રહેશે. અને લગ્ન કર્યા પછી આ વ્યક્તિએ ગુજરાતમાં વસવાટ કરવાનો રહેશે." જેના બદલે " અનુ.જાતિ સિવાયની બીજી વ્યક્તિ પરપ્રાંતની હોય તો તેણે તે પ્રાંત કે રાજ્યમાં તે અસ્પૃશ્ય ગણાતી નથી અને હિંદુ ધર્મ પાળે છે તે બાબતનું પ્રમાણપત્ર આપવાનું રહેશે." જે મુજબ વંચાણે લેવાની રહેશે.

(૨) શરત નં: (૫) ૩૫ વર્ષની ઉંમર સુધીના વિધુર કે વિધવા જે ને બાળકો ન હોય તેવી વ્યક્તિ જો પુન: લગ્ન કરેતો આ યોજના હેઠળ સહાય મળવા પાત્ર થશે. જેના બદલે " વિધુર કે વિધવા જેને બાળકો ન હોય તેવી વ્યક્તિ જો પુન: લગ્ન કરેતો આ યોજના હેઠળ સહાય મળવા પાત્ર થશે." જે મુજબ વંચાણે લેવાની રહેશે.

(૩) આ યોજનાની સહાય મેળવવા માટે "લગ્ન નોંધણીનું પ્રમાણપત્ર મેળવતા સમયે રજૂ કરવામાં આવતું ફોર્મ રજૂ કરવાનું રહેશે" એ શરત ઉમેરવામાં આવે છે.

આ યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ ઉપર સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ. રાજેશ આર. બલદાણિયા)
ઉપ સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:

- અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(સા.ન્યા)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

- અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(અ.જા)(સા.ન્યા)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)નું કાર્યાલય, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર.
- નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, બ્લોકનં ૪, ડૉ જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- તમામ નાયબ નિયામકશ્રીની કચેરી, તમામ જિલ્લા (મારફત નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,)
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર (વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ)
- સિલેક્ટ ફાઇલ.